નારોલમાં ગેસ ગળતરથી એક જ પરિવારના ત્રણના મોત

નારોલના શાહવાડી વિસ્તારમા વહેલી સવારે જ બનેલા બનાવથી સમગ્ર વિસ્તારમા દહેશત ફેલાઈ : ગેસ ગળતર મામલામા એફએસએલની તપાસ

અહમદાવાદ, તા.૧૭

અમદાવાદના નારોલ શાહવાડી વિસ્તારમાં ગુરુવાર સવારે એકજ પરિવારના ત્રણ સભ્યોના ગેસ ગળતરના કારણે મોત થતા સમગ્ર વિસ્તારમાં ભારે દહેશત ફેલાઇ ગઇ હતી. ગેસ ગળતરના બનાવમાં મૃત્યુ પામેલાઓમાં એક મહિલા અનેબે બાળકોનો સમાવેશ થાય છે. ગેસ ગળતરની ઘટનામાં તપાસ કરવામાં આવતા પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે કે ઘરની અંદર જ આવેલી ડ્રેનેજ લાઇનથી ઝેરી ગેસ નિકળવાના કારણે ત્રણેયના મોત થયા છે. ઘટનાની જાણ થતા વટવા પોલીસ, ફાયરબ્રિગેડની ટીમ, કોર્પોરેશના અધિકારી પહોંચી ગયા હતા. અને મામલામાં તપાસ હાથ ધરી હતી. મોતનુ ચોકકસ કારણ જાણવા માટે પાલીસે મરણ પામેલા ત્રણેના મૃતહેદને પોસ્ટમોર્ટમ માટે સીવીલ હોસ્પિટલ મોકલી આપ્યા હતા.

વટવા પોલીસના જણાવ્યા પ્રમાણે નારોલની એમજે કેકટરીની પાસે અને કોઝી હોટલની સામે આવેલી ગોવર્ધનની ચાલીમાં રહેતા રામસિંહ શંભૂસિંહે ફરિયાદ નોધાવી છે કે બુધવાર રાતે આશરે ૧૦: ૩૦ વાગે તે અને તેની પત્ની સુગદબેન (૩૮), મોટો છોકરો શ્રવણસિંહ (૧૭), નાના છોકરો સુરેન્દ્રસિંહ (૧૪) ઉંઘી ગયા હતા. ઘરમાં રામસિંહ પલંગ પર અને બીજા બધા ઘરમા નીચે પથારી લગાવી ઉંઘી ગયા હતા. ૧૭ જાન્યુઆરી સવારે આશરે ચાર વાગે ઘભરામણ થતા રામસિંહ ઉઠી ગયા હતા. એ દરમ્યાન ઘરના બીજા લોકોને પણ ઘભરામણ થતા રામસિંહ બહાર આવી ગયા.આ સમયે સૌથી નાનોપુત્રે સુરેન્દ્ર બેહોશ થઈ જતા રામસિંહે આપાતકાલીન સેવા ૧૦૮ને ફોન કર્યુ. ૧૦૮ આવે એ પહેલા એમની પત્ની અને બન્ને બાળકો પર પણ બેહોશ થઈ ગયા હતા. જયારે ૧૦૮ ની ટીમ આવી તપાસ કરતા તેમના તબીબે ત્રણેના મોત થઈ ગયા હોવા જાહેર કર્યુ હતુ. એ દરમ્યાન ફાયરબ્રિગેડ અને વટવા પોલિસ પણ ઘટનાની જાણ થતા તે પણ ઘટના સ્થલ પર પહોચી ગઈ. ફાયરબ્રિગેડ ના ડે.ચીફ ફાયર ઓફિસર પીએસ પરમારે જણાવ્યુ છે કે મરણ પામેલા લોકોના ઘરની નીચેથી ડ્રેનેજ લાઈન પસાર થાય છે અને તેમની ઘરની પાછળ ડ્રેનજ લાઈનની ગટરનું ઢાકંળુ આવેલ છે. એમના જણાવ્યા પ્રમાણે રાત્રે ગટરનું ઢાકણુ ખુલ્લુ રહી ગયુ હોય અને ગટરથી ઝેરી ગેસ નિકળતા ઘરમાં સુઈ રહેલા લોકો ને તેની અસર થતા તેની મોત થઈ ગઈ ગઈ હોવાનું જાણવા મળ્યુ છે. ચોક્કસ માહિતી માટે આ ઘટના અંગે અત્યારે પોલિસ તપાસ કરી રહી છે. બીજી બાજુ ઘટનાની તપાસ કરી રહેલ વટવાના પીએસઆઈ કે.એ.મકવાણા ને આ અંગે વાત કરતા તેમણે જણાવ્યુ કે મરણ પામેલ લોકોના મૃતહેદ ને પોસ્ટમોર્ટમ માટે સીવીલ હોસ્પિટલ મોકલી દીધા છે. બનાવ ની તપાસ માટે એફએસએલની ટીમ પણ મદદ લેવામાં આવી છે. મોતનુ ચોક્કસ કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે પ્રાથમિક તપાસમા તેમનુ મોત ઝેરી ગેસ થી થયાનુ જાણવા મળ્યુ છે. ઝેરી ગેસ કેવી રીતે આવી એ અંગે તપાસ કરવા આવી રહી છે. ઉલ્લેખનીય છે કે ઝેરી ગેસના કારણે એકજ પરિવારના ત્રણ લોકોના મોત થતા શાહવાડી વિસ્તારમા સનસની મચી થવા પામી છે.



વિક્ટોરિયા ગાર્ડન નજીક એલિસબ્રીજ પાસે એક મહિલા અને ૩ બાળકો નદીમાં પડી ગયા હોવાની જાણ થતા લોકો રિવરફ્રન્ટ ખાતે એકઠા થઈને બચાવની કામગીરી નિહાળી હતી.

હાઈકોર્ટ બોમ્બ પ્રકરણમાં પાઠ શીખવાડવાની જરૂર છે : સમસ્ત બ્રહ્મ સમાજની ટકોર

ગાંધીનગર, તા. ૧૭

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખશ્રી અને જાણીતા ધારાશાસ્ત્રી મહેશભાઈ મહેતા જણાવેલ છે કે હાઈકોર્ટ પરિસરમાં બોમ્બ પ્લાન્ટ કરનાર પી.આઈ કુરેશ જવાબદાર હોવાનું જણાયાના સમાચારથી તેમજ અન્ય ગુનામાં સંડોવણી હોય તેવા જ 'રક્ષક એ જ ભક્ષક' થાય. આવા ગુંડા તત્ત્વો સામે ગુજરાત સરકારે કડક પગલાં લેવા જરૂરી છે.

ગુજરાતની અને ન્યાયતંત્રની ગરીમાને લાંચન લગાડનારા તત્વોને પાઠ શીખવાડવાની જરૂર છે.

અખિલ ભારતીય નાગર પરિષદ ખેડા અને આણંદ જિલ્લા પ્રમુખ મહેશ મહેતાની વરણી

શ્રી અખિલ ભારતીય નાગર પરિષદના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જયરાજ મહેતા અને નડિયાદના ધારાશાસ્ત્રી અને સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ મહેશ મહેતાની ખેડા અને આણંદ જિલ્લાના પ્રમુખ તરીકે વરણી કરેલ છે. સભાપદ મેળવવા ઈચ્છિત વ્યક્તિએ નડિયાદમાં વકીલ ઓફીસ, મીલ રોડ ખાતે સંપર્ક સાધવા જણાવેલ છે.

ડિઝલને સબસીડી મુક્ત કરવાથી સાર્વત્રિક ભાવવધારાનો ભોરિંગ સર્જાશે : આઈ.કે. જાડેજા

અમદાવાદ, તા. ૧૭

ભાજપાના પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વવાળી યુ.પી.એ. સરકાર દ્વારા પ્રજાની હાડમારી વધારવાના જે પગલા ભરાઈ રહ્યા છે તેને સખ્ત શબ્દોમાં વખોડી કાઢતા જણાવ્યું છે કે કોંગ્રેસના નેતૃત્વવાળી સરકાર એ મોંઘવારીનો પર્યાય બની ગયેલી સરકાર છે.

તેઓએ જણાવ્યું છે કે ૨૦૦૪ની લોકસભાની ચૂંટણી સમયે અને ૨૦૦૯ની ચૂંટણી સમયે ૧૦૦ દિવસમાં ભાવોમાં ઘટાડો કરીશુંની વાતો કરનાર કોંગ્રેસના કેન્દ્રના નેતાઓએ ભાવવધારાનો ભોરિંગ સર્જીને આમઆદમી અને આમજનતાનું જીવન જીવવું દુષ્કર કરી દીધું છે.

શ્રી આઈ.કે.જાડેજાએ વધુમાં જણાવ્યું છે કે પરિવહનના માધ્યમોમાં સૌથી વધારે ઉપયોગમાં લેવાતા ડિઝલને સબસીડી મુક્ત કરવા માટેનો કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વવાળી સરકારનો નિર્ણય પ્રજાનાપડતા પર પાટુ મારવા સમાન છે. ડિઝલની કિંમતોના વધારાનો અધિકાર કંપનીઓને સોંપીને કેન્દ્રની સરકારે એક નવી જ સત્તાકીય વ્યવસ્થાને જન્મ આપ્યો છે. જેનું લક્ષ્ય વધુને વધુ નફો અને પ્રજાનું મહત્તમ શોષણ બની રહેશે તેનો ભાજપા સખ્ત શબ્દોમાં વિરોધ કરે છે.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે જ્યારે જ્યારે દેશમાં કોંગ્રેસનું શાસન આવ્યું છે ત્યારે અછત, ભાવવધારો અને ભ્રષ્ટાચાર વર્ક્યા છે અને પ્રજાકીય કલ્યાણની વાતો ભૂલાઈ જાય છે જે ગુજરાત સહિત દેશની પ્રજા જાણી ચૂકી છે. ભાજપા કેન્દ્રની આ દિશાવિહીન નીતિઓને આગામી દિવસોમાં આંદોલનાત્મક કાર્યક્રમોના માધ્યમથી જન-જન સુધી લી જશે અને સરકારને પોતાની નીતિઓમાં બદલાવ લાવવા મજબૂર કરશે.

ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવો જોઈએ : નથવાણી

અમદાવાદ, તા. ૧૭

જમ્મુ-કાશ્મીર સરહદે પાકિસ્તાન દ્વારા ભારતીય સૈનિકનું માથું રહેંસી નાખીને તે પરત નહીં કરવાની જઘન્ય ઘટના બની છે. કેન્દ્ર સરકારને આ સંજોગોમાં અસંવેદનશીલ થવું પાલવે તેમ નથી સરકારે જડબાતોડ પ્રતિસાદ આપી સખત પગલા ભરવા વડાપ્રધાન ડો. મનમોહનસિંહને પત્ર લખીને લાગણી વ્યક્ત કરી છે.

વડાપ્રધાનને લખેલા પત્રમાં સાંસદ પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, ભારત સરકાર તરીકે આપણે પાકિસ્તાન પાસે આ ઘૃણિત કૃત્યમાં સંડોવાયેલા લોકો કે જેઓ ભારતીય સૈનિકનું કાપીને લઈ ગયા તેમને આપણને સોંપી દેવાની માગણી કરીએ.

આપણે જ તેમનો ન્યાય કરીએ. જો પાકિસ્તા એમ કહેતું હોય કે ભારતીય સૈનિકનું માથુ કાપી પાકિસ્તાની સેનાનો હાથ નથી તો પાકિસ્તાન આ ગુનેગારોને શોધીને આપણને સોંપી દેવાનું વચન આપે જો આ કૃત્ય પાકિસ્તાની સેનાનું છે તેવું પુરવાર થાય તો પછી આ એક યુદ્ધ જ છે.

આપણે હિમ્મતભેર લડી લેવું જોઈએ પણ આપણે પાકિસ્તાનને 'ચીત ભી મેરી પટ ભી મેરી' કરીને જવા દેવું જોઈએ નહીં. જ્યારે જ્યારે આવી પરિસ્થિતિમાં પાકિસ્તાન રંગેહાથ પકડાયું છે. ત્યારે હંમેશા નામક્કર ગયું છે. એટલું જ નહીં વધુ અક્કડ પણ બન્યું છે.

આમીર અજમલ કસાબનો મામલો હોય કે હફીઝ મોહમ્મદ સઈદનો પાકિસ્તાનનું વલણ હંમેશા મૈત્રીથી વિરુદ્ધનું રહ્યું છે. કેન્દ્ર સરકારને આ સંજોગોમાં અસંવેનશીલ થવું ન પાલવે. હું એ પણ ઈચ્છું છું કે ભારતે એ જાહેરમાં સાબિત કરી દેવું જોઈએ કે ભુંડાને ભુંડો કહેવામાં આપણે કોઈના દબાણમાં નથી કે આપણને કોઈ ભય નથી. આપણી સાથે દોસ્તીના અંચળા હેઠળ લડતા દુશ્મનોને સીધા દોર કરતા આપણને આવડે છે.

વણઝારાને ઘરનું જમવાની સગવડ મુંબઈ જેલમાં મળશે

અમદાવાદ, તા. ૧૭

શોહરાબુદ્દીન બનાવટી એન્કાઉન્ટર અને કૌશરબીની ભેદી હત્યા કેસમાં જેલના સળિયા પાછળ ધકેલાયેલા એક સમયના ઉચ્ચ પોલીસ અધિકારીઓની મુંબઈ જેલમાં દયનીય હાલત થઈ હતી. ત્યારે તેમાંથી વણઝારાને રાહત મળી છે. મુંબઈ કોર્ટે વણઝારાને જોઈતી તમામ સગવડો સ્વખર્ચે પૂરી પાડવા સત્તાધિશોને આદેશ કર્યો છે.

મુંબઈ જેલમાં ખસેડાયા બાદ વણઝારાએ ૨૬-૧૦-૧૨ના રોજ ઘરનું જમવાનું મળે તે મામલે અરજી કરી હતી. તેમને ઘરનું જમવાનું પૂરું પાડવાનું સાફ ઈન્કાર કર્યો હતો. જેથી વણઝારાના એડવોકેટ વી.ડી. ગજ્જરે ફરી મુંબઈ કોર્ટમાં અરજી કરતા જણાવ્યું હતું કે કોર્ટના આદેશ હોવા છતાં અમને ઘરનું જમવાનું નથી મળી રહ્યું. વણઝારા પુસ્તક લખે છે. અને ઈન્દિરા ગાંધી ઓપન યુનિ.માં અભ્યાસ પણ કરે છે. તેવી તેના અભ્યાસ અને લખવા માટે ટેબલ-ખુરશી ટયુબ-લાઈટ, કબાટ કાંડા ઘડિયાલ, એલાર્મ કલોક, લાયબ્રેરી, ટી.વી. એમપી થ્રી પ્લેયર સહિતની સગવડો મળવી જોઈએ, આ ઉપરાંત તેમણે એ પણ જણાવ્યું હતું કે બેરેકમાં બાથરૂમ આપેલું છે. જેમા ડોલ, ડબલર, શેમ્પુ, સાબુની વ્યવસ્થા મળવી જોઈએ. બેરેકમાં મચ્છરનો ઉપદ્રવ હોવાના કારણે મચ્છરદાની અથવા મચ્છર દૂર કરવા અંગેનું સાધન પૂરુ પાડવું જોઈએ.

આ મામલે કોર્ટે જેલ સત્તાધીશોને લેખિતમાં જવાબ રજૂ કરવા આદેશ કર્યો હતો. જો કે, જેલ સત્તાધીશોએ આ અંગે કોઈ મામલો કોર્ટમાં ન કરતાં એડી. ચીફ જ્યુડી. મેજી. વણઝારાને સ્વખર્ચે તમામ સગવડ પૂરી આપવા જેલ સત્તાધીશોને આદેશ કર્યો છે.

શબ્દાવલી - ૪૯૫૪



આડી ચાવી

૧. ગેરપ્રવૃત્તિ રંગે હાથ પકડવા માટે વ્યૂહરચના કરવી, ...ગોઠવવું (૩)
૩. ચરમસીમા (૪)
૬. તીખી બુંધી (૩)
૭. બુધ્ધિ (૨)
૮. કટોરો, પ્લાસ્ટિકનો વાટકો (૩)
૧૦. ક્રમાંક, નંબર (૨)
૧૧. દારૂની દુકાન (૨)
૧૨. આવે તે ઉધાર ને જાય તે... (૨)
૧૪. રીત, પ્રણાલી
૧૬. સાંબેલુ (૩)
૧૭. બીકણ, ગભરૂ (૪)
૨૧. ખલ, વાટવાનો પથ્થર (૩)
૨૩. શંકા, વહેમ (૨)
૨૪. કસમ, સોગંધ (૩)
૨૫. પક્ષીઓને... નાખી ફસાવી શિકાર થાય (૨)

ઊભી ચાવી

૧. કાયદામાંથી છટકવાની યુક્તિ બતાવતો કાયદો (૫)
૨. કૂણું (૩)
૩. પ્રદક્ષિણા (૪)
૪. કાર્ય, ... કાજ (૨)
૫. 'પ્રતિષ્ઠા' શબ્દ ગોઠવો (૩)
૯. સૌરાષ્ટ્રનો એક મશહૂર દરિયાકાંઠો (૪)
૧૩. મારી નાખવું,... કાઢવું (૩)
૧૫. એક ચોપગું પ્રાણી (૩)
૧૮. હિંમત - તાકાત (૩)
૧૯. પેન (૩)
૨૦. એશો આરામ (૨)
૨૨. આરોપ, આક્ષેપ (૨)

શબ્દાવલી ૪૯૫૩ના જવાબ

આડી ચાવી :- (૧) ઘમસાણ (૪) છત્રી (૫) ચમાર (૬) ખાટ (૮) સકુશળ (૧૦) કોદાળી (૧૧) તક (૧૨) પોક (૧૩) કપ (૧૪) સમશેર (૧૭) હેત (૧૮) દાભડો (૨૦) પૈઠણ (૨૧) નટ

ઊભી ચાવી :- (૧) ઘચરકો (૨) મમા (૩) સાર (૪) ખાસ (૭) છળકપટ (૯) શતક (૧૨) પોર (૧૪) સહેલી (૧૫) મત (૧૬) આભ (૧૮) દાણ (૧૯) ડોન

માનવ અધિકાર અને નાગરિક સ્વાતંત્ર્યના રખેવાળો પોંખાશે

અમદાવાદ, તા. ૧૭

ગુજરાતના વરિષ્ઠ રાજયશાસ્ત્રી, ગુજરાત યુનિવર્સિટીના રાજયશાસ્ત્ર વિભાગનાં ભૂતપૂર્વ વડા અને સમાજવિદ્યા ભવનના ડાયરેકટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનામ પૂર્વ વાઈસ ચાન્સેલર, શાંતિ સંશોધન કેન્દ્ર (ગુજરાત વિદ્યાપીઠ)ના માનદ્ પ્રાધ્યાપક અને પીયુસીએલના પૂર્વપ્રમુખ દેવવ્રત પાઠક સાહેબના અવસાન બાદ તેમના મિત્રો અને પ્રસંશકો દ્વારા દેવવ્રત પાઠક મેમોરીયલ ટ્રસ્ટની રચના કરવામાં આવી હતી. પ્રા. ડી.એન. પાઠક માનવહકો, નાગરિક સ્વાતંત્ર્ય, લોકશાહી-ઉદારવાદી માનવ મૂલ્યો, બિનસાંપ્રદાયિકતા, રેસનાલિઝમ, વૈજ્ઞાનિક અભિગમ વગેરે મૂલ્યો પ્રત્યે પ્રતિબધ્ધ હતા. સમાજના વંચિત વર્ગો અને વિભાગો જેવા કે દલિતો, મહિલાઓ, લઘુમતિઓ વગેરેના માનવહકો માટે તેઓ સતત ઝઝૂમતા રહ્યા હતા. શાંતિ સંશોધન કેન્દ્રમાં જોડાયા બાદ ગાંધીવિચાર તરફ તેઓ વિશેષ આકર્ષાયા અને ગાંધીવિચારની સાંપ્રત સમયમાં પ્રસ્તુતતા, તેમનું અધ્યયન અને ચિંતનનો મુખ્ય વિષય બન્યો. ગાંધીવિચારના સંદર્ભમાં સંઘર્ષોનું શાંતિમય નિવારણ એ એમનો મુખ્ય રસનો વિષય રહ્યો.

જીવનના છેલ્લા ત્રણ દાયકા દરમિયાન પાઠક સાહેબ એક પ્રખર બૌધ્ધિકમાંથી જાહેર જીવનમાં કેટલાંક ધારક અને સંગોપક મૂલ્યો પ્રત્યે ઊંડી નિષ્ઠા ધરાવતાં એક કર્મશીલ તરીકે તેમનું રૂપાંતર થયું. માનવહકો અને નાગરિક સ્વાતંત્ર્ય માટે વયસ્ક ઉંમરે પણ તેઓએ ખુબ કામ કર્યું અને તેઓ ગુજરાતના વિદ્વાનો અને કર્મશીલોને સક્રિય માર્ગદર્શન આપતા રહ્યા. કોમી એકતા, શાંતિ અને ભાઈચારા માટે પણ પાઠક સાહેબ ખુબ સક્રિય રહ્યા. ગુજરાતમાં કોમી હિંસાચાર પછી સમાજમાં સાંપ્રદાયિક સંવાદિતા પુનઃ સ્થપાય તે માટે તેઓ સતત કાર્યશીલ રહ્યા. પાઠક સાહેબ માનતા કે માનવ અધિકારોની જાળવણી અને તેની યોગ્ય સંભાળ રખાય તેમાં લોકશાહી રહેલી છે અને તે દ્વારા જ દેશની એકતા અને સ્વાસ્થ્ય જાળવી શકાય તેમ છે. ૨૧મી સદીની શરૂઆતમાં પાઠક સાહેબ માનતા કે અત્યારે તાતી જરૂર એકતાની અને લોકશાહી મૂલ્યોની જાળવણી તથા કોમી એખલાસને મજબૂત કરવાની.

પીયુસીએલ, સીનિયર સિટીઝન કલબ, ઈન્ડિયન સોસાયટી ઑફ ગાંધીયન સ્ટડીઝ, મુવમેન્ટ ફોર સેક્યુલર ડેમોક્રસી, નાગરિક સંગઠન, ગુજરાત કેળવણી પરિષદ વગેરે જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકળાઈને તેમણે આ બધી સંસ્થાઓ ને અસરકારક રીતે વિકસાવવામાં માર્ગદર્શન ઉપરાંત માવજત પણ કરી. નિસબત ધરાવતા નાગરિકો અને સંગઠનો નિષ્ઠાયુક્ત કામ કરવા માટે આજે પણ તેમણે યાદ કરે છે.

તેમની સ્મૃતિમાં પ્રા. ડી.એન. પાઠક હ્યુમન રાઈટ્સ એન્ડ સિવિલ લીબર્ટીઝ એવોર્ડ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે મુજબ ૨૦૧૨નો એવોર્ડ ડૉ. ઈલાબેન પાઠક (અવાજ) અને વર્ષ ૨૦૧૩નો એવોર્ડ પ્રા.જે. એસ. બંદૂકવાલા (પીયુસીએલ) ને અર્પણ કરવાનો નિર્ણય થયો છે. આ અંગેનો સમારંભ તારીખ ૧૮ જાન્યુઆરીના રોજ અમદાવાદ ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

અમદાવાદ વિમેન્સ એકશન ગ્રુપ (અવાજ)ના સ્થાપક એવા ઈલાબેને સ્ત્રીઓના મુદ્દે ખુબ જ કામ કર્યું છે. પોલીસ, આરોગ્ય અધિકારીઓ, શિક્ષણકારો, પત્રકારો, સરકારી કોર્પોરેશનો અને અન્ય ઓફિસના અધિકારીઓને સ્ત્રીઓના મુદ્દે સંવેદનશીલતા અંગે તાલીમ આપવાની સાથોસાથ કુટુંબ સલાહકેન્દ્રોના કાઉન્સેલરો કાનૂની સહાય કેન્દ્રોના સામાજિક કાર્યકરો અને યુવતી વિકાસ કેન્દ્રોના કો-ઓર્ડિનેટરોને પણ તેમને સઘન તાલીમ આપી છે. સ્ત્રીઓનાં માનવ અધિકાર અને તેમના નાગરિક સ્વાતંત્ર્ય માટે તેઓ કાયમ જાગૃત પ્રહરી તરીકે કામ કરતા રહ્યા છે. જયારે પ્રા. જે.એસ. બંદૂકવાલા ગુજરાતમાં કોમી એકલાસ, ભાઈચારા અને શાંતિ માટે સતત ક્રિયાશીલ રહ્યા છે. લઘુમતીઓના પ્રશ્નોઅંગેતેમણે કાયમ સંઘર્ષ કર્યો છે. રોજગારીની દૃષ્ટિએ, સામાજિક દૃષ્ટિએ શિક્ષણજગતમાં તેમજ રોજબરોજના વહેવારમાં આજે લઘુમતીઓની સ્થિતિ કથળેલી છે. આજે સંપ્રદાયની ભૂમિકા ઉપર લોકોની ઓળખ બતાવીને તેમને સૌને એકમેકથી જુદા ભિન્ન તથા અલગ રહેવાની ફરજ પડી રહી છે. ત્યારે પ્રા. બંદૂકવાલા એક મશાલ લઈને શાંતિ અને કોમી એખલાસ માટે સંઘર્ષ કરી રહ્યાં છે.

માર્કશીટમાં ભૂલને સુધારવાના નામ પર યુનિવર્સિટી દ્વારા લૂંટ

ગુજરાત યુનિવર્સિટી દ્વારા પરિક્ષાની માર્કશીટમાંસુધરાવવાના નામ પર લાખો રૂપિયાની ઉઘાડી લુંટ ચલાવાતી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વિદ્યાર્થીઓની પરિક્ષા માર્કશીટમાં વહીવટીતંત્ર દ્વારા થયેલ ભુલો બદલ પણ વિદ્યાર્થી દિઠ માર્કશીટ સુધારવાની ફી પેટે રૂપિયા ૧૦૦-૧૦૦ ઉઘરાવી ઉઘાડી લુંટ ચલાવવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓ પાડાના વાંકે પખાડીને ડંડ જેવી સ્થિતિ ભોગવી છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ બેચરલ અને માસ્ટર ડીગ્રીની પરિક્ષાઓ લેવાય છે. આ પરિક્ષાની વિદ્યાર્થીઓનું વર્ષ દરમિયાન કરેલ મહેનત અને આવડતનું મુલ્યાંકન કરતી માર્કશીટ પણ વિદ્યાર્થીઓને ફાળવવામાં આવે છે. આ માર્કશીટમાં અવાર નવાર છબરડાના સમાચારો પ્રકાશમાં આવે છે.આ છબરડા વિદ્યાર્થીઓના ગુણ, નામ, અટક વગેરે લખવામાં સામે આવતા હોય છે. અને આવા પ્રકારના કિસ્સાઓ જ્યારે સામે આવે છે ત્યારે યુનિવર્સિટી વહીવટી તંત્ર દ્વારા વિદ્યાર્થીઓએ પરિક્ષા ફોર્મ ભરવામાં ભુલ કરી હશે. તેવો બચાવ રજુ કરી દોષનો ટોપલો વિદ્યાર્થીઓ ઉપર ઢોળી દેવામાં આવે છે. અને વિદ્યાર્થીઓ પાસેથી માર્કશીટમાં સુધારાના નામ પર રૂપિયા ૧૦૦-૧૦૦ જેટલી માતબર ફી વસુલવામાં આવે છે. પરંતુ તાજેતરમાં કેટલાક એવા કિસ્સાઓ સામે આવ્યા છે. યુનિવર્સિટીમાં કેટલાક વહીવટી સ્ટાફ દ્વારા જાણીજોઈને આવી ભુલો કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ જ્યારે માર્કશીટ સુધારવા આવે ત્યારે તેમની પાસેથી માતબર રકમ ફી પેટે વસુલી શકાય અને યુનિવર્સીટી દ્વારા દર વર્ષે લાખો રૂપિયાની ફી આવી માર્કશીટો સુધારવાની ફી પેટે વસુલવામાં આવે છે. એક કિસ્સો યુનિવર્સિટીમાં માસ્ટર ઈન ડેવલપમેન્ટ કમ્યુનિકેશન ડીગ્રીના ચોથા સેમિસ્ટરમાં અભ્યાસ કરતાં જીજ્ઞેશ ઈન્દ્રેકર સાથે બન્યો હતો. જેમાં જિજ્ઞેશે પોતાની સેમેસ્ટ બેની પરિક્ષાની માર્કશીટમાં તેના પિતાનું નામ મનોજ ભાઈની જગ્યાએ મનોજ કુમાર છપાઈને આવતા ચોંકી ઉઠ્યો હતો. જેની રજુઆત તેણે યુનિવર્સીટીમાં કરતા માર્કશીટ સુધરાવવા રૂપિયા ૧૦૦ ફી ચુકવી ફોર્મ ભરી દેવા જણાવ્યું હતું. ઉપરાંત ઝડપથી સુધારવા ઉપરની રકમની માંગણી કરી હતી. વારંવાર રજુઆતો છતાં કોઈ પરિણામ ન આવતા જીજ્ઞેશ યુનિવર્સિટી આરટીઆઈની અરજી કરી હતી.

રીક્ષા હડતાલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છૂટ આપવા પણ રજૂઆતમાં જણાવાયું હતું. જ્યારે અસહ્ય ભાવ વધારાના વિરોધમાં ગાંધીનગર ઓટો રીક્ષા એસોસિએશને પણ અમદાવાદના રીક્ષા યુનિયનની સાથે ૭૨ કલાકનો બંધ પાળવાની જાહેરાત કરી હતી. ભાવવધારાથી ભડકેલા રીક્ષાચાલકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સી.એન.જી.નો ભાવ વધતા રીક્ષાચાલકોની રોજી સામે પ્રશ્નાર્થ મંડરાયો છે. જિલ્લામાં ૧૫ હજારથી વધુ જ્યારે શહેરમાં ૫ હજાર જેટલી રીક્ષાઓ દોડે છે. રીક્ષાચાલકોની હડતાળના લીધે રીક્ષાના પૈડા થંભી જતા સેક્ટર ટુ સેક્ટર જતા સ્થાનિક રહીશોને પારાવાર હાલાકી વેઠવી પડશે. જેમાં સિનિયર સિટીઝન્સ ઉપરાંત મહિલાઓને વિશેષ પરેશાનીનો સામનો કરવો પડશે.

પ્રજાસત્તાક દિન ઉજવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

-જાસત્તાક દિનની ઉજવણી શાનદાર રીતે કરવાના પૂર્વ આયોજન માટે આજરોજ જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષ સ્થાને એક બેઠક મળી હતી. -જાસતાકદિનની ઉજવણી દરમ્યાન જિલ્લાનાં પોલીસ જવાનો સહિત હોમગાર્ડ અને એન.સી.સીનાં વિદ્યાર્થીઓ દ્વારા માર્ચપાસ્ટ કરવામાં આવશે. વિવિદ્ય શાળાના બાળકો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.જિલ્લાની વિવિદ્ય કચેરીઓ દ્વારા પોતાના વિભાગની વિશિષ્ટ યોજનાઓ-કામગીરી દર્શાવતા ટેબ્લો રજૂ કરવામાં આવશે. જે જિલ્લાની જે કચેરી દ્વારા સુંદર ટેબ્લો રજૂ કરવામાં આવ્યો હશે, તેને ઇનામ પણ આપવામાં આવશે.તે ઉપરાંત વહેલી સવારથી જ હેલીપેડ ખાતે રાષ્ટ્રભકિત્તના ગીતો ગુંજતા કરવામાં આવશે. રાષ્ટ્રીય પર્વ -જાસત્તાક દિનની ઉજવણીમાં તાલુકા અને ગાંદ્યીનગર શહેરના મહત્તામ -જાજનોને આ પર્વમાં સહભાગી થવા નમ્ર અપીલ કરવામાં આવી છે. આ બેઠકમાં ગાંદ્યીનગર જિલ્લા વિકાસ અદ્યિકારી શ્રી બી.જે.ભટ્ટ, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંદ્યલ, ગાંદ્યીનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી એલ.પી.પાડલીયા, નિવાસી અદ્યિક કલેકટર શ્રી ડૉ.એમ. ડી.મોડિયા સહિત અદ્યિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.